# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 02-02-2026 Day: Monday Morning : 7.40 to 7.45 am**

આકાશવાણી ભુજ સમાચાર **કલ્પના શાહ** વાંચે છે.

---

## બજેટ મેઇન સ્ટોરી

કેન્દ્રીય નાણામંત્રી નિર્મલા સિતારામણે **ગઇકાલે** અંદાજપત્ર રજૂ કર્યુ હતું..રજૂ થયેલા આ બજેટમાં યુવા શક્તિ સંચાલિત અંદાજપત્રમાં ગરીબો, વંચિતો અને લાભ ઉપેક્ષિતો પર ધ્યાન કેન્દ્રિત કરવાના સરકારના ‘સંકલ્પ’ પર ભાર મૂકવામાં આવ્યો છે. જેમાં નવો આવકવેરા અધિનિયમ, 2025 એપ્રિલ 2026 થી અમલમાં આવશે, આવકવેરા સંબંધિત સરળ નિયમો અને સ્વરૂપોને ટૂંક સમયમાં અધિસૂચિત કરવામાં આવશે.. દંડ અને કાર્યવાહીને તર્કસંગત બનાવવા માટે કાર્યવાહીની બહુવિધતામાં ઘટાડો કરાશે.. કેટલીક પ્રાથમિક સહકારી મંડળીઓમાં કપાત પહેલાંથી જ ઉપલબ્ધ છે જેનું વિસ્તરણ કરીને પશુધનના ચારા અને કપાસના બીજ સુધી વ્યાપક બનાવાશે..15.5% ના સામાન્ય સલામત હાર્બર માર્જિન સાથે ઇન્ફોર્મેશન ટેકનોલોજી સેવાઓની એકલ શ્રેણી રહેશે..આઇટી સેવાઓ માટે સલામત હાર્બર ઉપલબ્ધ કરાવવા માટે 2000 કરોડ રૂપિયાની ટોચ મર્યાદા રહેશે, જે 300 કરોડ રૂપિયાથી વધારવામાં આવી છે.વિદેશી ક્લાઉડ સેવા પ્રદાતાને 2047 સુધી ટેક્સ હોલિડેની સવલત પૂરી પડાશે.પૂર્વાનુમાનિત આધાર પર કર ચુકવી રહેલા તમામ બિન-નિવાસીઓને લઘુત્તમ વૈકલ્પિક કરમાંથી મુક્તિની જાહેરાત કરાઇ છે..

**-----------------------------------------------------------------------------------------**

## PM – બજેટ પ્રતિભાવ

કેન્દ્રીય બજેટની જાહેરાત બાદ પ્રધાનમંત્રીએ આજના બજેટને ઐતિહાસિક ગણાવતા કહ્યું કે બજેટ દેશની મહિલાઓના મજબૂત જુસ્સાને પ્રતિબિંબિત કરે છે. અને આ બજેટ અનેક તકોનો રાજમાર્ગ છે.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું કે બજેટ મેક ઇન ઇન્ડિયા અને આત્મનિર્ભર ભારત પહેલને નવી ગતિ આપવા માટે એક વ્યાપક રોડમેપ રજૂ કરે છે. પ્રધાનમંત્રીએ કહ્યું કે કાપડ ક્ષેત્ર માટે નવી યોજનાઓ અને ચેમ્પિયન **MSMEs** ની રચના પણ જાહેર કરવામાં આવી છે, જે દેશની વર્તમાન અને ભવિષ્યની જરૂરિયાતોને પૂર્ણ કરે છે.

---------------------------------------------------------------------------------------

## મુખ્યમંત્રીએ બજેટને આવકાર્યું

ગુજરાતના રાજકીય અને ઔદ્યોગિક નેતૃત્વએ કેન્દ્રીય બજેટને એક વ્યૂહાત્મક રોડમેપ તરીકે આવકાર્યું છે જે 'વિકસિત ભારત' ના માર્ગને મજબૂત બનાવશે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે બજેટનું સ્વાગત કરતા જણાવ્યું હતું કે આ બજેટ ત્રણ મુખ્ય ફરજો પર ધ્યાન કેન્દ્રિત કરે છે અને 'જ્ઞાન' ના ચાર સ્તંભોને મજબૂત બનાવશે - ગરીબ, યુવાનો, ખેડૂતો અને મહિલાઓ તેમજ દિવ્યાંગજનનું પ્રતિનિધિત્વ કરે છે.તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે દાનકુનીથી સુરત સુધીનો પ્રસ્તાવિત સમર્પિત ફ્રેઇટ કોરિડોર, કાપડ ક્ષેત્ર માટે છ નવી યોજનાઓ સાથે, ગુજરાતના વેપાર અને ઉત્પાદનને નોંધપાત્ર પ્રોત્સાહન આપશે.

---------------------------------------------------------------------------------------

## જિલ્લના વિવિધ અગ્રણીઓએ આપેલ પ્રતિભાવો

**કેન્દ્રીય અંદાજપત્રને જિલ્લાના વિવિધક્ષેત્રના અગ્રણીઓએ પણ વિવિધ પ્રતિભાવો આપી આવકાર્યું હતું. જે પૈકી સાંસદ વિનોદ ચાવડાએ આશા – વિકાસ અને તમામ ક્ષેત્રોને આવરી લેતું સમતોલ અને વિકાસલક્ષી બજેટ ગણાવ્યું. જેમાં મહિલા સશક્તિકરણ, યુવા રોજગાર સાથે વિકાસ અને ફુગાવા પર નિયંત્રણ માટે પરિયોજનાઓ માટે પ્રાવધાન હોવાનું જણાવ્યું.**

તો રાજ્યમંત્રી અને અંજારના ધારાસભ્ય ત્રિકમભાઇ છાંગાએ કેન્દ્રીય અંદાજપત્ર પર પ્રતીક્રિયા આપતા જણાવ્યું કે, આ બજેટથી દેશની આર્થિક પ્રગતિને વેગ મળશે. વિકસિત ભારતના સંકલ્પને સાર્થક કરવા સાથે તમામ વર્ગના કલ્યાણની અપેક્ષા પરિપૂર્ણ કરવા માટેની દરકાર આ બજેટમાં લેવામાં આવી છે.

તો મહિલાઓની ઉદ્યોગ સાહસિકતાને બળ મળશે તેવું જણાવતા મુન્દ્રાના નગર અધ્યક્ષા રચનાબેન જોશીએ જણાવ્યું હતું કે, નાણામંત્રીએ મહિલાઓ માટે કરેલી જાહેરાતોથી મહિલાઓને ઉદ્યોગ સાહસિકતા માટે પ્રોત્સાહન મળશે. શીમાસ્ટર્સ યોજના મહિલાઓને આર્થિક તકો પુરી પાડવા વધુ એક પહેલ છે.

ગાંધીધામના શિપિંગ ઉદ્યોગ સાથે સંકળાયેલા પુરસતભાઇ જોષીએ જણાવ્યું કે, દરિયાકાંઠાના શિપિંગ યોજનાઓ અને ફ્રેટો કોરીડોર અંગે બજેટમાં ખાસ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું છે. જેથી પ્રત્યક્ષ અને પરોક્ષ અનેક પ્રકારના લાભો થશે.

બજેટ અંગે પ્રતિક્રિયા આપતા સરહદ ડેરીના ચેરમેન વલમજીભાઇ હુંબલે જણાવ્યું કે, અંદાજપત્રમાં ડેરી અને પશુપાલન ક્ષેત્રના સર્વાંગી વિકાસને ધ્યાને લેવાયા છે. ખેતી અને ખેતી સાથે સંકળાયેલ પ્રવૃતિઓ માટે 1.62 લાખ કરોડની તો પશુપાલન અને ડેરી ઉદ્યોગ 6,153.46 કરોડનું બજેટ ફાળવાયું છે જે ગતર્વતની તુલનાએ 27 ટકા વધુ છે. મૂલ્યવર્ધન અને માર્કેટિંગ માળખાને મજબૂત બનાવવાના પગલાંઓથી ડેરી ક્ષેત્રને નવી ગતિ મળશે.

હોટેલ રેડિસનના એમ.ડી. મુકેશ અચાર્યએ સાત હાઇસ્પીડ રેલ કોરિડોર, પાંચ મેડિકલ ટુરિઝમ હબ્સ અને 10 હજાર ગાઇડ્સની સ્કિલિંગ જેવી પહેલથી ઉભરતી ટુરિઝમ સર્કિટ્સમાં કનેક્ટિવીટી વધશે. વિશ્વ ધરોહર ધોળાવીરાના વિકાસની જોગવાઇથી હાઇવેલ્યુ વિદેશી મહેમાનો આકર્ષાશે. પરિણામે હોટેલ ઉદ્યોગની ક્ષમતા અને રેવન્યૂ ગ્રોથ વધશે તેવો આશાવાદ વ્યક્ત કર્યો હતો.

નાણામંત્રી નિર્મલા સીતારમણે ગુજરાતના વારસા અને સાંસ્કૃતિક પર્યટનક્ષેત્રે મોટા પ્રોત્સાહન આપવાની જાહેરાત કરી જેમાં 15 પુરાતત્વીય સ્થળ પૈકી લોથલ અને ધોળાવીરાને

**2026 – 27 ના કેન્દ્રીય બજેટના ભાગરૂપે વાયબ્રન્ટ એક્સપેરીમેન્ટલ ડેસ્ટીનેશન –જીવંત અનુભવ સ્થળોમાં વિકસાવવાનો પ્રસ્તાવ મૂક્યો હતો.**

**-----------------------------------------------------------------------------------------**